| | |
|---|---|
| દાખલ તારીખ | ૧૬–૦૪–૨૦૧૩ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૧૬–૦૪–૨૦૧૩ |
| ફેંસલ તારીખ | ૦૫–૧૦–૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૧૧ ૦૫ ૧૯ |

**મહે. ૭ માં એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર.**

| | |
|---|---|
| **ફોજદારી કેસ નંબરઃ – ૩૪૬૮/૨૦૧૩** |
| **આંકઃ – 13** |

**ફરીયાદી :– શ્રી સરકાર**

(મુળ ફરીયાદીઃ–જયેશભાઈ રણછોડભાઈ ગાંધી)

**–– વિરૂધ્ધ ––**

**આરોપી :– (૧) અબ્દુલ રજાક ઉર્ફે ભૈયુ મહંમદ ઈસ્માઈલ શેખ,**

**(૨) જાકીરહુસેન ઉર્ફે પાલે મહંમદ ઈસ્માઈલ શેખ,**

**(૩) મહંમદ ઈશાક મહંમદ ઈસ્માઈલ શેખ,**

આરોપી નં.૨.૩.રહે.બાબુ લટ્ઠાની ચાલી, કાલુપુર દરવાજા કોટની રાંગ અંદર, આનંદ સ્વીટની પાછળ, કાલુપુર, અમદાવાદ.

**(૪) નજીરબેગ રસીદબેગ મોગલ,**

રહે.ગોમતીપુર, જુલતા મીનારા, તંબુ ચોકી, તુલસી પાર્કની ગલીમાં, કાચા છાપરામાં,અમદાવાદ.

**(૫) અયાજમોહંમદ યાસીનભાઈ શેખ,**

રહે.ઘર નં.૧૪૮૮, ટોપીવાળાની પોળ, કાલુપુર ટાવર પાસે, કાલુપુર, અમદાવાદ.

**(૬) અર્જુન બાબુભાઈ ઠાકોર,**

રહે.બાબુલટ્ઠાની ચાલી, કાલુપુર દરવાજા કોટની રોંગ અંદર, આનંદ સ્વીટની પાછળ, કાલુપુર, અમદાવાદ.

**(૭) સાબીરભાઈ ગુલાબભાઈ શેખ,**
રહે.મ.નં.૪૬૦, બાબુ લટ્ટાની ચાલી, કાલુપુર દરવાજા પાસે,કાલુપુર, અમદાવાદ.

**(૮) જાવેદભાઈ ગુલાબભાઈ શેખ,**
રહે.મ.નં.૪૬૦, બાબુ લટ્ટાની ચાલી, કાલુપુર દરવાજા પાસે,કાલુપુર, અમદાવાદ.

**ગુન્હોઃ–આઇ.પી.સી.કલમ – ૧૪૩, ૧૪૭, ૩૨૩, ૪૫૨, ૪૨૭ મુજબ.**

| |
|---|
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી..શ્રી કે.એસ.ચૌધરી |
| આરોપી તરફે વિ.વ.શ્રી એફ.એન.પઠાણ |

# <u>ચુકાદો</u>

**(૧)**..આ કામે ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે,તા.૨૩–૦૨–૨૦૧૩ નાં રોજ કલાકઃ૧૪–૩૦ વાગ્યા દરમ્યાન બાબુલટ્ટાની ચાલીનાં નાંકે ફરીયાદીની દુકાનનો સર–સામાન રાખવાનાં ગોડાઉન આગળ માલ ખાલી કરવા ટેમ્પો આવેલ અને ગોડાઉન આગળ ઉભો રહી માલ ખાલી કરતો હતો, આ વખતે આ કામનાં આરોપી નં.૪.નાનો પોતાની પેન્ડલ રીક્ષા લઈને નીકળેલ અને ટેમ્પો રસ્તામાં ઉભો હોય, આરોપી નં.૪.નાએ ટેમ્પો ખસેડવા કહેતા સાહેદ પુર્વીત સાથે બોલાચાલી ઝઘડો થતા આ ઝઘડાનું ઉપરાણુ લઈ આ કામનાં આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી આરોપીઓએ ફરીયાદીને તેમજ સાહેદ નં.૪.૬. અને ૯. નાઓને ગડદા પાટુનો માર મારી ફરીયાદીની અમરતલાલ કરશનદાસની દુકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી દુકાનનો માલ વેરણ–છેરણ કરી તેમજ આ ઝઘડામાં ઝપાઝપી દરમ્યાન ફરીયાદીનાં ખિસ્સામાંથી રૂા.૩૫,૦૦૦/–રોકડા તથા સોનાનો દોરો ૨૦ ગ્રામ વજનનો કિંમત રૂા.૨૦,૦૦૦/– નો ક્યાંક પડી જઈ મળી નહી આવી નુકશાન કરી આઇ. પી. સી. કલમ– **૧૪૩, ૧૪૭, ૩૨૩, ૪૫૨, ૪૨૭** મુજબનો ગુના કરેલ છે, જે અંગે પ્રથમ બાતમી અહેવાલ દાખલ કરી, પોલીસે ગુનાની તપાસ કરેલ અને તપાસ દરમિયાન પુરતો પુરાવો મળી આવતા હાલનાં આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.કલમ–૧૭૩ મુજબનો આખરી રિપોર્ટ/ચાર્જશીટ

કોર્ટમાં રજુ કરેલ,જે અન્વયે કોર્ટ દ્વારા સદરહુ ગુનાનું કોગ્નીઝન્સ લઈ આરોપી વિરૂધ્ધ તહોમતનો જવાબ દેવા સમન્સ કરવામાં આવેલ. ત્યારબાદ સદર કામનાં આરોપી નં.(૧)અબ્દુલ રજાક ઉર્ફે ભૈયુ મહંમદ ઈસ્માઈલ શેખ(૨)જાકીરહુસેન ઉર્ફે પાલે મહંમદ ઈસ્માઈલ શેખ(૩)મહંમદ ઈશાક મહંમદ ઈસ્માઈલ શેખ(૫) અયાજમોહંમદ યાસીનભાઈ શેખ(૬)અર્જુન બાબુભાઈ ઠાકોર(૭)સાબીરભાઈ ગુલાબભાઈ શેખ(૮)જાવેદભાઈ ગુલાબભાઈ શેખનાઓ લાંબા સમય સુધી મળી આવતા ન હોય, આંક-૧ નીચે તા.૨૩-૧૧-૨૦૨૨ નાં રોજ હુકમ કરી સી. આર. પી. સી. ૨૯૯ ની જોગવાઈ મુજબ આરોપીઓની ગેરહાજરીમાં ફરીયાદપક્ષનો પુરાવો રેકર્ડ કરવા હુકમ કરેલો. ત્યારબાદ સદર કામનાં આરોપી નં.૪. નજીરબેગ રસીદબેગ મોગલનાઓ કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે આપવામાં આવેલી. ત્યારબાદ આરોપી સામે આંક-૦૨ મુજબનું ગુન્હાનું તહોમત ફરમાવી, આંક-૦૩ લગત પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જેમા આરોપીએ ગુનો કબુલ ન હોવાનુ જણાવતા કેસની ઈન્સાફી કાર્યવાહી આગળ હાથ ધરવામાં આવેલ છે.

**(૨)** આ કામે ફરીયાદપક્ષ તરફે તેના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**ફરીયાદપક્ષનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવોઃ-**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી જયેશભાઈ રણછોડભાઈ ગાંધીની સોગંદ પર જુબાની | ૦૫ |
| ૨. | ફરીયાદની નકલ | ૦૬ |
| ૩. | ગુન્હાવાળી જગ્યાનાં પંચનામાની નકલ | ૦૭ |
| ૪. | સાહેદ પુર્વીતભાઈ જયેશભાઈ ગાંધીની સોગંદ પર જુબાની | ૦૯ |
| ૫. | સાહેદ બ્રીજેશભાઈ દિલીપભાઈ ગાંધીની સોગંદ પર જુબાની | ૧૦ |
| ૬. | સાહેદ વર્ષાબેન દિલીપભાઈ ગાંધીની સોગંદ પર જુબાની | ૧૧ |
| ૭. | ત.ક.અ. કનુભાઈ દેવસીભાઈ ખાંભલા (પો.ઈ.)ની સોગંદ પર જુબાની | ૧૨ |

**(૩)** ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની

કલમ–૩૧૩ ની જોગવાઇ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે,જેમા આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું જણાવેલ છે તથા અન્ય હકીકત અંગે ઈન્કાર કરેલ છે તેમજ પોતાને બચાવપક્ષનાં સાક્ષી તપાસવા નથી, જાતે જુબાની આપવી નથી તથા કોઇ પુરાવો આપવો નથી અને વિશેષમાં જણાવેલ છે કે, ખોટી તપાસ કરી ખોટુ ચાર્જશીટ કરી ખોટી રીતે તેઓને આરોપીને સદર ગુન્હામાં સંડોવેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક કેસનાં રેકર્ડ મુજબ રજુઆતો કરેલ છે અને આરોપીઓને દોષિત ઠરાવવા અરજ કરેલ છે તથા આરોપી તરફે તેના વિ.વ.શ્રીએ બચાવમાં દલિલ કરી એવુ જણાવેલ છે કે,આરોપીઓ સામેનાં તહોમત મુજબનો કેસ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.જેથી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

(૫) હાલનાં કેસની હકીકત, ફરીયાદપક્ષનો પુરાવો, કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

## //મુદ્દા//

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત વ્યાજબની શંકાથી પર એ હકીકત સાબીત કરે છે કે, તા.૨૩–૦૨–૨૦૧૩ નાં રોજ કલાકઃ૧૪–૩૦ વાગ્યા દરમ્યાન બાબુલઠ્ઠાની ચાલીનાં નાંકે ફરીયાદીની દુકાનનો સર–સામાન રાખવાનાં ગોડાઉન આગળ માલ ખાલી કરવા ટેમ્પો આવેલ અને ગોડાઉન આગળ ઉભો રહી માલ ખાલી કરતો હતો, આ વખતે આ કામનાં આરોપી નં.૪.નાનો પોતાની પેન્ડલ રીક્ષા લઇને નીકળેલ અને ટેમ્પો રસ્તામાં ઉભો હોય, આરોપી નં.૪.નાએ ટેમ્પો ખસેડવા કહેતા સાહેદ પુર્વીત સાથે બોલાચાલી ઝઘડો થતા આ ઝઘડાનું ઉપરાણુ લઇ આ કામનાં આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી આરોપીઓએ ફરીયાદીને તેમજ સાહેદ નં.૪.૬. અને ૯. નાઓને ગડદા પાટુનો માર મારી ફરીયાદીની અમરતલાલ કરશનદાસની દુકાનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી દુકાનનો માલ વેરણ–છેરણ કરી તેમજ આ ઝઘડામાં ઝપાઝપી દરમ્યાન ફરીયાદીનાં

ખિસ્સામાંથી રૂા.૩૫,૦૦૦/–રોકડા તથા સોનાનો દોરો ૨૦ ગ્રામ વજનનો કિંમત રૂા.૨૦,૦૦૦/– નો ક્યાંક પડી જઇ મળી નહી આવી નુકશાન કરી આઇ. પી. સી. કલમ– ૧૪૩, ૧૪૭, ૩૨૩, ૪૫૨, ૪૨૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ.

## // કારણો //

(૭) **મુદ્દા નં.૧**

**(૭.૧)** ઉપરોક્ત હકીકતે ફરીયાદપક્ષે તેનો કેસ સાબીત કરવા આ કામે મહત્વનાં સાક્ષી મુળ ફરીયાદી જયેશભાઇ રણછોડભાઇ ગાંધીને આંક–૦૫ થી તપાસવામાં આવેલ છે,તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે,બનાવ ૨૦૧૩ નાં વર્ષમાં બનેલો. તે વખતે આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલી. તે સિવાય બીજુ કાંઇ બનેલ નહી. બનાવ ક્યારે, કેવી રીતે બનેલો. તે તેઓ કહી શકે નહી. બનાવની ફરીયાદ તેઓએ કાલુપુર પો.સ્ટે.માં આપેલી. જે ફરીયાદ તેઓને બતાવતા તેમા પોતાની સહી ઓળખી બતાવી આંક–૦૬ થી પુરાવામાં રજુ કરેલ છે.

વિ.એ.પી.પી.શ્રી દ્વારા મુળ ફરીયાદી ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા ન હોય તેથી ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા તે મંજુર કરી ઉલટતપાસનાં સવાલ પુછવા પરવાનગી આપવામાં આવેલ,ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેની ઉલટતપાસ કરવામાં આવેલી પરંતુ તેમા પણ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી.

આરોપી તરફે કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે,આરોપીઓએ તેઓને ગાળો બોલી, શરીરે ગડદા પાટુનો માર મારેલ નથી કે તેઓને કોઇ નુકશાન થયેલ નથી તેમજ તેઓને આરોપીઓ સાથે

રાજીખુશીથી સમાધાન થઇ ગયેલ છે.

આમ, આ કામનાં ભોગ બનનાર મુળ ફરીયાદીની કોર્ટ રૂબરૂની જુબાની જોઇએ તો આંક-૦૬ વાળી ફરીયાદ પુરવાર થતી નથી કારણ કે બનાવનો ભોગ બનનાર મુળ ફરીયાદી જ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, તેઓની જુબાની ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થઇ શકતી નથી.

**(૭.૨)** આ કામે ફરીયાદરપક્ષ તરફે સાહેદ પુર્વીતભાઇ જયેશભાઇ ગાંધીને આંક-૦૯ થી તથા સાહેદ બ્રીજેશભાઇ દિલીપભાઇ ગાંધીને આંક-૧૦ થી તથા સાહેદ વર્ષાબેન દિલીપભાઇ ગાંધીને આંક-૧૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે,તેઓએ તેમની સોગંદ પરની જુબાનીમાં ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ ન હોય તેથી વિ.એ.પી.પી.શ્રી દ્વારા આ સાહેદોને ફરી ગયેલા જાહેર કરવા વિનંતી કરતા તે મંજુર કરી ઉલટતપાસનાં સવાલ પુછવા પરવાનગી આપવામાં આવેલ,ત્યારબાદ વિ.એ.પી.પી.શ્રી દ્વારા તેની ઉલટતપાસ કરવામાં આવેલી પરંતુ તેમા પણ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરેલ નથી.આમ, આ સાહેદો પણ ફરીયાદપક્ષનાં કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય, તેઓની જુબાની પણ ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થઇ શકે નહી.

**(૭.3)** ફરીયાદપક્ષે આ કામે સાહેદ કનુભાઇ દેવસીભાઇ ખાંભલા કે જેઓ ફરીયાદપક્ષનાં તપાસ કરનાર અધિકારી છે તેઓને આંક-૧૨ થી તપાસવામાં આવેલ છે, તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૨૩-૦૨-૨૦૧૩ નાં રોજ તેઓ કાલુપુર પો.સ્ટે.માં પો.ઇ. તરીકે ફરજ પર હાજર હતા. તે વખતે ફર્સ્ટ ગુન્હા રજી.નં.૨૪/૨૦૧૩,ઇ.પી.કો.કલમ-૧૪૩, ૧૪૭, ૩૨૩, ૪૫૨ વિગેરે મુજબની ફરીયાદ લખી લઇ, આગળની તપાસ તેઓએ સંભાળી લઇ, પંચનામુ પંચોના લખાવ્યા મુજબ લખી લઇ, લાગતા-વળગતા સાહેદોનાં નિવેદન નોંધી લઇ, આરોપી સામે પુરતો પુરાવો જણાતા આરોપીને અટક કરી, નામ.કોર્ટમાં ચાર્જશીટ કરેલ. આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસમાં જનરલ ડિનાઇલ લેવામાં આવેલ છે.

આમ, આ સાહેદની જુબાની જોઇએ તો તેઓ બનાવનાં નજરે જોનાર

સાહેદ નથી તેમજ તપાસ દરમ્યાન જે સાહેદોનાં નિવેદનનાં આધારે ચાર્જશીટ કરેલ છે તેઓ ફરીયાદપક્ષનાં કેસને સમર્થન કરતા નથી. આ સાહેદની જુબાનીમાં માત્ર એટલુ પુરવાર થાય છે કે સદર ગુન્હાની તપાસ તેઓએ કરેલ, પરંતુ તેનાથી તે ફરીયાદમાં લખેલ હકીકત ખરી હોવાનુ પુરવાર થતુ નથી.

(૭.૪) ફરીયાદપક્ષે આંક–૦૭ થી બનાવવાળી જગ્યાનાં પંચામાની નકલ પુરાવામાં રજુ કરેલ છે, પરંતુ તેમા નીચે સહી કરનારને ફરીયાદપક્ષ દ્વારા સદર કામે સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી. જેથી માત્ર આંક આપી દેવા માત્રથી તે પુરાવાનાં કાયદાની કલમ મુજબ પુરવાર થયેલ નથી.

(૮) આમ, ઉપરોક્ત વિગતે આ કામે રજુ થયેલ પુરાવો જોતા, ફરીયાદપક્ષનાં કેસ મુજબ આરોપીઓ દ્વારા કોઈ ગુનો કરેલ હોય તેવુ ફરીયાદપક્ષ સાબીત કરી શકેલ નથી કારણ કે આ કામનાં મહત્વનાં સાહેદ એવા ફરીયાદી તથા ભોગ બનનાર સાહેદો બનાવ હકીકતને સમર્થન કરતા નથી. ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લઈએ તો આરોપી સામેનાં તહોમત મુજબની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. ફરીયાદપક્ષે રજુ થયેલ અન્ય પુરાવો જોતા પણ તેનાથી આરોપી સામેનાં તહોમત મુજબનો ગુનો બન્યાનું સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ રહેલ છે. આ કામે આરોપી નં.૧,૨,૩,૫,૬,૭,૮.નાઓ મળી આવતા ન હોય, જેથી તેઓની સામે સી.આર. પી.સી.કલમ–૨૯૯ અન્વયે પુરાવો રેકર્ડ કરવામાં આવેલો છે. સી.આર. પી.સી.કલમ–૨૯૯ તળે પુરાવો રેકર્ડ કરવાનો ઉદ્દેશ એ છે કે, ભવિષ્યમાં આરોપી મળી આવે તો તે માટે પુરાવો સંરક્ષીત કરવામાં આવે અને આરોપી મળી આવે ત્યારે તેનો તેની વિરૂદ્ધ ઉપયોગ કરવામાં આવે. નામ.ગુજરાત હાઈકોર્ટ દ્વારા પણ સર્કયુલર નં.સી–૨૬૧૮/૨૦૧૬ તા.૦૫–૦૭–૨૦૧૬ થી આ અંગે કરવામાં આવેલ છે. આરોપી સામે રજુ થયેલ પુરાવો જોતા ભવિષ્યમાં આરોપી મળી આવે તો પણ તેને દોષિત ઠરાવી શકાય તેમ નથી. જેથી રેકર્ડ ઉપરની તમામ હકીકત અને પુરાવા ધ્યાનમાં રાખી તથા આ કામે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૧ નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે.

**મુદ્દા નં.૨**

(૯) ઉપરોક્ત મુદ્દા નં.૧ નો નિર્ણય કેસ હકીકતને, કાયદાકીય જોગવાઇ, રજુઆતો ધ્યાને લઇ આ કામે ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરીહુકમ

**૧.** આ કામનાં આરોપી નં.**(૧)અબ્દુલ રજાક ઉર્ફે ભૈયુ મહંમદ ઇસ્માઇલ શેખ(૨)જાકીરહુસેન ઉર્ફે પાલે મહંમદ ઇસ્માઇલ શેખ(૩)મહંમદ ઇશાક મહંમદ ઇસ્માઇલ શેખ(૪) નજીરબેગ રસીદબેગ મોગલ (૫) અયાજમોહંમદ યાસીનભાઇ શેખ(૬)અર્જુન બાબુભાઇ ઠાકોર(૭)સાબીરભાઇ ગુલાબભાઇ શેખ(૮)જાવેદભાઇ ગુલાબભાઇ શેખ**નાઓને આઇ.પી.સી. કલમ–૧૪૩, ૧૪૭, ૩૨૩, ૪૫૨, ૪૨૭ મુજબનાં ગુન્હાનાં તહોમતમાંથી સી.આર.પી.સી. કલમ– ૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવેલ છે.

**૨.** ફોજદારી કાર્યરીતી સંહિતા(સુધારેલ)માં ઉમેરાયેલ કલમ–૪૩૭(એ) ની જોગવાઇ ધ્યાને લેતા આરોપીએ રજુ રાખેલ જામીન તથા જામીનખત આ ઠરાવની તારીખથી છ માસ સુધી ચાલુ રહેશે અને બાદ આપો–આપ રદ થયેલ ગણવામાં આવશે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૦૫/૧૦/૨૦૨૪

**(સંદિપસિંહ જી. ડોડિયા)**
૭માં એડી.ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર
યુનિક આઇ.ડી. જી.જે.૦૦૯૦૨